# ...ને પળનાય વિલંબ વિના મુખ્યમંત્રીએ શ્રમજીવી પરિવારની દિકરીને સહાય આપી

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે માતૃસભર સંવેદના દર્શાવતાં બનાસકાંઠાના અદના શ્રમજીવી પરિવારની ૬ વર્ષની દિકરીના ફેફસાના ઓપરેશન માટે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂ. પચાસ હજારની સહાય તત્કાલ ખાસ કિસ્સામાં મંજૂર કરી છે.

સામાન્યતઃ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી કેન્સર, હૃદયરોગ, કિડની અને લીવરના ઓપરેશન માટે થનારા ખર્ચના ૧/૩ ભાગ સહાય રૂપિયા એક લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારો માટે મંજૂર કરવાના નિયમો પ્રસ્થાપિત થયેલા છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને આ પ્રસ્થાપિત નિયમો અને સરકારની સહાય મંજૂરીની પ્રક્રિયાના દાયરાથી ઉપર ઉઠીને એક સ્ત્રી-માતાની હૃદયસ્પર્શી સંવેદનાથી ડિસાના આ શ્રમજીવી પરિવારની ૬ વર્ષીય બાળકીના ફેફસાના ઓપરેશન માટે રૂ. ૫૦ હજારની સહાય આપવાનો ઉદાત ભાવ દર્શાવ્યો છે.

શ્રીમતી આનંદીબહેન પટેલ સમક્ષ ડીસા તાલુકાના શેરપૂરા ગામના શ્રમજીવી પ્રભુભાઈ ગેલોતની ૬ વર્ષીય દિકરી દિશાને ફેફસામાં રસી થયાની ગંભીર બિમારી અને તેના ઉપાય માટે ઓપરેશન અનિવાર્ય હોવાની રજુઆત વિધાયકશ્રી ગોવાભાઈ રબારી એ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પળનોય વિલંબ કર્યા વિના એક ભાવસભર માતાની વાત્સલ્ય લાગણી અને માનવીય સંવેદના સ્પર્શી અભિગમથી મુખ્યમંત્રી રાહતફંડમાંથી દિશાની સારવાર માટે રૂ. પચાસ હજાર ફાળવી આપવાની સૂચના તંત્રવાહકોને આપી.

મુખ્યમંત્રી રાહત ફંડમાંથી કેન્સર, હૃદયરોગ, કિડની અને લીવરના ઓપરેશન માટે ૨૦૧૪ના વર્ષમાં સહાય મેળવવા માટેની ૮૨૩ અરજીઓમાંથી ૫૦૪ અરજદારોને સમગ્રતયા રૂા. ૨ કરોડ ૪ લાખ ૨૯ હજારની સહાય મુખ્યમંત્રી રાહત ફંડ તહેત મંજુર કરવામાં આવી છે.

# કોર્ટ સંકુલમાં વકીલો સામે જ પરણિતાએ દવા પીવાનો પ્રયાસ કર્યો

## ભરણપોષણના કેસ સંદર્ભે સમાધાનના પ્રયાસ દરમિયાન પરિણીત યુવતિએ પાકીટમાંથી દવાની બોટલ કાઢી!!

ગાંધીનગર, તા. ૨૧

ભરણપોષણના કેસ સંદર્ભે સમાધાનના પ્રયાસ દરમિયાન ગઈકાલે એક પરિણીતાએ કોર્ટ સંકુલમાં વકીલોની હાજરીમાં જ દવા ગટગટાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે વકીલોએ દવાની બોટલ આંચકી લીધી હતી. મહીલાના આ પ્રયાસથી વકીલોમાં ચકચાર સાથે દિવસ દરમિયાન આ બાબત ચર્ચાનો વિષય બની હતી.

આજના યુગમાં લગ્નજીવન ડગલે ને પગલે તુટતા તંદુરસ્ત સમાજજીવન સામે પ્રશ્ન મંડરાયો છે. કોર્ટ સંકુલમાં પણ ઘટેલ હીંસા, છુટાછેડા અને ભરણપોષણના મામલે બે પક્ષો વચ્ચે તકરાર થતી હોવાના દશ્યો પણ ઘણીવાર જોવા મળે છે. ગઈકાલે કોર્ટ સંકુલમાં ભરણપોષણના કેસ સંદર્ભે મુદત અર્થે આવેલી પરિણીતાએ દવા પીવાનો પ્રયાસ કર્યો હોવાની ચર્ચાએ વકીલ આલમમાં જોર પકડ્યું હતું. કેસ સંદર્ભે બન્ને પક્ષકારોને સમજાવવા વકીલોએ સમાધાનના પ્રયાસ કર્યા હતા. આ દરમિયાન પરિણીત યુવતિએ અચાનક જ પાકીટમાંથી દવાની બોટલ કાઢી પીવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વકીલોનું ધ્યાન પડતા તેમણે દવાની બોટલ આંચકી લીધી હતી. આમ વકીલે પરિણીતાને દવા પીતા અટકાવી દીધી હતી. બીજી તરફ આ બનાવ દિવસ દરમિયાન કોર્ટના વકીલોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. આ ઘટનાના લીધે વકીલઆલમમાં પણ ચકચાર મચી જવા પામી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૨૩**
**સૂર્યાસ્ત : ૬.૨૧**

## તાપમાન

**મહત્તમ : ૨૬.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૩.૮ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૦ ટકા ● સાંજે ૪૪ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
આઇ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
અલોન : ૧.૩૦, ૭.૩૦

**સ્ક્રીન-૨ :**
અલોન : ૧૦.૧૫, ૧૦.૧૫
આઇ : ૧૨.૩૦, ૭.૧૫
તેવર : ૪.૧૫

**સ્ક્રીન-૩ :**
શરાફત ગઇ તેલ લેને : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
તેવર : ૧.૦૦, ૬.૩૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૧ :**
આઇ (હિન્દી) : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
આઇ (હિન્દી) : ૧૨.૩૦
અલોન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩ :**
અલોન : ૧.૧૫
શરાફત ગઇ તેલ લેને : ૩.૪૫, ૭.૧૫
ટેકન (ઇંગ્લીશ) : ૯.૩૦

**સ્ક્રીન-૪ :**
આઇ : ૧૦.૦૦
ક્રેઝી કુક્કડ ફેમિલી : ૧.૩૦
તેવર : ૭.૦૦
શરાફત ગઇ તેલ લેને : ૧૦.૧૫

**સ્ક્રીન-૫ :**
અલોન : ૧૦.૦૦
ક્રેઝી કુક્કડ ફેમિલી : ૭.૩૦
પી.કે. : ૪.૧૫
શરાફત ગઇ તેલ લેને : ૧૨.૩૦
તેવર : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મઆધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.

**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશો.

## ચિરવિદાય

- સ્વ. વિનોદભાઇ મુળચંદદાસ ગજ્જર (ઉ.વ.૫૪) મુ. વાવોલ, સુથારવાસ, તા.જી. ગાંધીનગર
- સ્વ. કેશવલાલ મરઘાભાઇ પટેલ (ઉ.વ.૮૪) પ્લોટ નં. ૮૨૫/૧, સેક્ટર-૫સી, ગાંધીનગર
- સ્વ. વિષ્ણુભાઇ અંલાલાલ પટેલ (ઉ.વ.૫૨) મુ. રાંધેજા, સુતરીવાસ, તા.જી.ગાંધીનગર
- સ્વ. કંકુબેન મીઠાભાઇ રાઠોડ (ઉ.વ.૭૭) પ્લોટ નં. ૭૭/૨, સેક્ટર-૩એ, ગાંધીનગર
- સ્વ. વસંતબેન ડાહ્યાભાઇ સોલંકી (ઉ.વ.૮૫) મુ. રૂપાલ, માળીવાસ, તા.જી. ગાંધીનગર

# આર.જી. કન્યા શાળામાં દાસકાકા રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની સે. ૨૩માં આવેલ આર.જી. પટેલ કન્યા શાળામાં યોજાયેલ પૂ. દાસકાકા



રમતોત્સવમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે નારદીપુર હાઈસ્કૂલના આચાર્ય પ્રવિણભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ રમતોત્સવમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં યોજાયેલ પાંચ પાંચ રમતોની સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. માધ્યમિક વિભાગમાં સંગીત ખુરશીમાં ધો. ૧૦-અ ની ધ્રુવી ઝાલા, ૧૦૦ મી. દોડમાં ધો. ૯-બ ની કિર્તિબા ગોહિલ, ગોળાફેંકમાં ધો. ૧૦-ડી ની ભુવનેશ્વરી ચૌહાણ, રસ્સા ખેંચમાં ધો. ૯-અ ની ટીમ અને વોલીબોલમાં પણ ધો. ૯-અ ની ટીમ વિજેતા બની હતી. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં સંગીત ખુરશીમાં ધો. ૧૨-અ ની ફેના પટેલ, ૧૦૦મી દોડમાં ધો. ૧૧-ડી ની જીનલ પટેલ, ગોળાફેંકમાં ધો. ૧૧-ઈ ની ટ્વિન્કલ ભાભોર, રસ્સાખેંચમાં ધો. ૧૧-બ ની ટીમ જ્યારે વોલીબોલમાં ધો. ૧૧-સી ની ટીમ વિજેતા બની હતી. આ રમત સ્પર્ધાને સફળ બનાવવા ઉર્વશીબેન જોશી, મહેશભાઈ ત્રિવેદી અને વિજયભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી. તમામ વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્યાએ અભિનંદન પાઠવ્યા હતા.

## શુક્રવારે સે. ૨૧માં રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સ્વ. બિહારીભાઈ શાહની પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૩મી જાન્યુઆરી શુક્રવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. આ રક્તદાન શિબિર સેક્ટર-૨૧માં પેટ્રોલ પંપ પાસે આવેલ પાર્થ બિલ્ડીંગમાં પંકજ વિજય એન્ડ કંપની ખાતે યોજાશે. આ કેમ્પમાં સેવાભાવી નગરજનોને રક્તદાન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

## આજે કલોલમાં ગાયત્રી મહાયજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના ગાયત્રી પરિવાર દ્વારા તા. ૨૨મી જાન્યુઆરી ગુરૂવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન કલોલની આઈટીઆઈ પાસે આવેલ તેજાનંદ ધામ ખાતે ગિરીશભાઈ પંડ્યાના યજમાન પદે ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગાયત્રી મહાયજ્ઞ વૈદિકવિધિથી પ્રજ્ઞા પરિજન નિમિષા પંડ્યાની વ્યાસપીઠે યોજાશે. જેનો લાભ લેવા તમામ ધાર્મિક ભક્તોને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચૌધરી વાસણા ગામે યુવાનને સાપે ડંખ માર્યો

ગાંધીનગર, તા. ૨૧

દહેગામ તાલુકાના ચૌધરી વાસણા ગામે ખેતરમાં કામ કરતા યુવાનને સાપે ડંખ મારતા ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

દહેગામ તાલુકાના ચૌધરી વાસણા ગામે રહેતો કનુભાઈ બકાભાઈ ઠાકોર (વર્ષ-૪૦) પટેલ હિરાભાઈના ઘરે પશુપાલનનું કામકાજ કરતો હતો અને ભેંસો, ગાય જેવા પશુઓની સાળસંભાળ કરતો હતો. દરમિયાન આજે પાસેના વાડામાંથી ગાય, ભેંસો માટે ચારો લેવા જતા કનુભાઈ ઠાકોરના જમણા હાથના અંગુઠા પર સાપે ડંખ મારતા બેભાન હાલતમાં સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં હાજર તબીબોએ તાત્કાલિક સારવાર આપતા યુવાનનો જીવ બચી ગયો હતો. જો કે હાલ યુવાનની હાલત સુધારા પર છે. પોલીસે આ મામલે જાણવા જોગ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# હાલોલમાં ૧૧ વર્ષથી વોન્ટેડ આરોપી ગાંધીનગરથી ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ યુ.બી. બારોટ તથા એન.જે. જાડેજા અને અન્ય માણસો નાસતા ફરતા આરોપીઓને પકડવા બાતમીદારો સક્રીય કરી તે દિશામાં દોડધામ કરી રહ્યા છે ત્યારે આજે ગાંધીનગરના શાહપુર ચોકડી પાસેથી એસઓજીની ટીમે છેલ્લા ૧૯ વર્ષથી હાલોલ પોલીસ સ્ટેશનમાં વેચાણવેરા અધિનિયમ ૫૯(૧)નો ભંગ કરી ૭૫(૧) મુજબના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. અમદાવાદ જજીસ બંગ્લોઝ ખાતે રહેતા આરોપીની ધરપકડ કરીને એસઓજીએ આરોપી શૈલેષ ફુલચંદ જૈનને હાલોલ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.

## ગાંધીનગરમાં આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગરના સે. ૧૪ ખાતે આવેલ અંબાજી મંદિરે મહાસુદ આઠમ તા. ૨૭મી જાન્યુઆરીએ સવારે ૧૧ થી ૧ વાગ્યા દરમ્યાન આનંદનો ગરબો યોજવામાં આવ્યો છે. જ્યારે સે. ૩-ડીમાં હરસિદ્ધિધામ ખાતે બપોરે ૩ થી ૬ વાગ્યા દરમ્યાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આનંદનો ગરબો શક્તિ મંડળ દ્વારા પ્રસ્તુત કરાશે.



પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ અને ગાંધીનગર મહાનગરના પ્રભારી રમીલાબેન બારાએ બુધવારે આદીવાસી વિકાસ નિગમના ચેરમેન તરીકે ચાર્જ સંભાળ્યો હતો. આ તબક્કે પક્ષના સ્થાનિક આગેવાનો અને યુવા આદિવાસીઓએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# બાયોમેડિકલ કચરાના નિકાલ બાબતે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

જીપીસીબીની પ્રાદેશિક કચેરી ગાંધીનગર દ્વારા પર્યાવરણ ક્લિનિક સ્કિમ હેઠળ બાયોમેડિકલ કચરા સંબંધિત કાર્યક્રમ તાજેતરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકૂલ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં પ્રાદેશિક અધિકારી શ્રી બી.આર. ગજ્જરે બાયોમેડિકલ કચરા સંબંધિત નિયમોની પ્રસ્તુતિ કરી હતી. જીસીએસ મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગના પ્રોફેસર ડૉ. પારિજાત એન. ગોસ્વામીએ કેન્સર હોસ્પિટલના સંકૂલ ખાતે બાયોમેડિકલ કચરાના નિયમોના પાલનમાં દાખવવામાં આવતી તકેદારી ઉપરાંત તમામ સ્ટાફની જાગૃતતા બાબતે રસપ્રદ રજૂઆત કરી હતી. કોમન બાયોમેડિકલ ફેસિલિટીના શ્રી પ્રકાશ વાઘેલાએ વૈજ્ઞાનિક પદ્ધતિથી થતા બાયોમેડિકલ કચરાના નિકાલની માહિતી આપી હતી. મેડિકલ એસોસિએશનના હોદ્દેદારો, પેરા-મેડિકલ સ્ટાફ, ઈ-કોલી બીએમડબલ્યૂ વેસ્ટના સંચાલકો, સ્થાનિક કલ્પ આરોગ્ય હોસ્પિટલ, રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સંચાલિત ફિઝીયોથેરાપી સેન્ટરના પ્રતિનિધિઓ અને પ્રાદેશિક કચેરીના સ્ટાફ સહિત એકસોથી વધુ સંખ્યામાં આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સમસ્યા માટે સમાધાન અંતર્ગત પર્યાવરણ ક્લિનિકમાં બાયોમેડિકલ કચરાના નિયમોના અનુપાલન સંબંધિત પ્રશ્નો પરત્વે ઓન-લાઈન અરજી કરવા તેમજ મંજૂરીની પ્રત મેળવવા માટે બોર્ડ દ્વારા ઉભી કરાયેલ હેલ્પ-ડેસ્કની સુવિધાનો પણ લાભ લેવા જણાવ્યું હતું.

ગાંધીનગરના શ્રી નરેશ ઠાકરે અવલોકનો રજૂ કરતાં જણાવ્યું હતું કે, બ્લડ ડોનેશન કેમ્પ, હેલ્થ ચેક-અપ કેમ્પ તેમજ રાજ્યમાં યોજાતી પદયાત્રાઓ, વગેરે પ્રસંગો દરમિયાન પણ આવા કેમ્પમાં સેવાઓ આપતા મેડિકલ અને પેરા-મેડિકલ સ્ટાફે બાયોમેડિકલ કચરાના નિકાલ માટે આયોજકો દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તેવી અચૂક માંગણી કરવી જોઈએ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૈજ્ઞાનિક અધિકારી શ્રી એમ.જી. શેખે કર્યું હતું.

# કિડની ઇન્સ્ટિટ્યૂટના લાભાર્થે ૨૪મીથી મોરારિબાપુની અમદાવાદમાં રામકથા

ગાંધીનગર, તા. ૨૧

કિડનીના રોગોને લગતા સંશોધન અને સારવારમાં દુનિયાભરમાં પ્રખ્યાત અમદાવાદ-સ્થિત ડો. એચ. એલ. ત્રિવેદી ઈન્સ્ટિટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ અને શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમલાબેન મફતલાલ મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટરના લાભાર્થે શહેરમાં મોરારિબાપૂની રામકથાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. આ બન્ને સંસ્થામાં રાહત દરે અપાતી સારવાર માટે દાન એકત્ર કરવાના આશયથી યોજાઇ રહેલી આ રામકથાના પ્રારંભ પહેલા જ વિવિધ દાતાઓએ રૂ. ૩૦ કરોડનુંદાન આપવાનો સંકલ્પ જાહેર કરી દીધો છે. કિડની ઈન્સ્ટિટ્યુટ આ રામકથા દ્વારા કુલ રૂ. ૧૦૦ કરોડનુંદાન એકત્ર કરવાનો ઈરાદો ધરાવે છે.

અમદાવાદ ખાતે શ્રી વલ્લભસદન અને સાહિત્ય પરિષદ ભવન પાસે આવેલા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે વસંતપંચમી, તારીખ ૨૪ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સાંજે ૪ વાગે આ રામકથાનો પ્રારંભ થશે અને ત્યાર બાદ તારીખ ૨૫મી જાન્યુઆરીથી ૧લી ફેબ્રુઆરી સુધી સવારના ૯.૩૦થી



૧.૩૦ વાગ્યા સુધી મોરારિબાપૂ ભક્તજનોનેરામકથાનુંરસપાન કરાવશે. રામકથાના પ્રારંભ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, અમદાવાદના મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ, જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલિપદાસજી મહારાજ સહિત સંખ્યાબંધ ધાર્મિક તથા સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે. રામકથાના આ આયોજન માટે જોઈસર પરિવાર યજમાનની ભૂમિકા ભજવી રહ્યું છે.

''દર્દીઓ મારે મન ઈશ્વર છે અને તેમની સારવાર એ જ સાચી પ્રભુસેવા છે'' એવી વિચારધારા સાથે કેનેડાની અઢળક કમાણી છોડી વતનમાં દર્દીઓની સેવા-સારવારના આશયથી ડો. એચ. એલ. ત્રિવેદીએ અમદાવાદ ખાતે કિડની ઈન્સ્ટિટ્યુટની સ્થાપના કરી તે પછી સંસ્થાએ ચારસોથી વધુ પથારીની ક્ષમતા ધરાવતી દેશની એક માત્ર કિડની હોસ્પિટલ, વર્ષમાં ચારસોથી વધુ પ્રત્યારોપણ કરવાનો વિક્રમ, દેશમાં જાહેરક્ષેત્રની લિવર પ્રત્યારોપણ કરનારી એક માત્ર સંસ્થા, સ્ટેમસેલના સંશોધનમાં અપ્રિતમ સફળતા, અદ્યતન સ્ટેમસેલ લેબ, સ્ટેમસેલ દ્વારા દવા વિનાના પ્રત્યારોપણમાં વિશ્વમાં સર્વપ્રથમ વગેરે જેવા અનેક સીમાચિહ્નો સર કર્યા છે. ગુજરાતને વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે.

રામકથાના આયોજન અંગે માહિતી આપવા યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતાં ડો. એચ. એલ. ત્રિવેદીએ જણાવ્યું હતું કે અત્યંત સામાન્ય પરિવારમાંથી આવતા વ્યક્તિને પણ આ સંસ્થામાં રાહત દરે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર અદ્યતન સારવાર આપવામાં આવે છે. અહીં આવતા દર્દીઓની સંખ્યા દિન પ્રતિ દિન વધતી જાય છે તેના પરિણામે સંસ્થા પર રાહતનું ભારણ પણ વધ્યું છે.

# ગાંધીનગરમાં ૩૦મી જાન્યુઆરીએ શહિદોની યાદમાં બે મિનિટનું મૌન

ગાંધીનગર, તા. ૨૧

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદવીરોએ પોતાના -ણના બલિદાન આપ્યા છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫ને શુક્રવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે -ણની આહુતિ આપનારા શહીદવીરો -ત્યેનું ઋણ અદા કરાશે. સમગ્ર દેશમાં શકય હોય તેટલા -માણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

શુક્રવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જયાં કામ થતું હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી, મૌન પાળે, જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરને વાહનવ્યવહાર શકય હોય ત્યાં સુધી થંભી જાય તે જોવા વિનંતી કરવામાં આવી છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો સંબંધિત તમામ કચેરીઓએ બહાર પાડવાના રહેશે.

ગાંધીનગરમાં પણ સાયરનની વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ સચિવાલય, સરકીટ હાઉસ, ેસ, વિધાનસભા-સચિવાલય અને પાટનગર યોજના ભવન ઉપર સાયરનો મુકવામાં આવી છે તે સાયરનો પણ ઉપર મુજબ વગાડવામાં આવશે.